अभ्यास 6 : सन्धिः

નીચેનાં વાક્યો વાંચો -

(1) अहं जलं पातुम् इच्छामि ।

(2) तडागं गन्तुं निर्गच्छति ।

ઉપરનાં વાક્યોમાં આવેલાં अहं जलं तडागं અને गन्तुं જેવાં પદોમાં તમે જે-તે અક્ષરના માથા ઉપર મીંડું જોઈ રહ્યા છો, તેને અનુસ્વાર કહે છે. સંસ્કૃતમાં આને એક સ્વતન્ત્ર વર્ણ માનવામાં આવે છે. એનું ઉચ્ચારણ મુખ અને નાકથી મળીને થાય છે. સામાન્ય રીતે કહીએ તો આનું ઉચ્ચારણ મ્ જેવું થાય છે.

આ અનુસ્વાર વાક્યમાં બે પ્રકારે જોવા મળે છે. (1) વાક્યમાં વપરાયેલાં પદના અન્તમાં. જેમકે, बालकः पुस्तकं पठति । અને (2) પદ (શબ્દ)માં વચ્ચેના ભાગે. જેમ કે, दंडः । આ બન્ને પ્રકારના અનુસ્વારના સંદર્ભે સંધિના મુખ્ય નિયમો આ પ્રમાણે છે.

(1) વાક્યમાં વપરાયેલાં પદના અન્તે જો મ્ આવેલો હોય, અને તેની તરત પછી કોઈ વ્યંજન વર્ણથી શરૂ થતું પદ આવેલું હોય, તો આવા મ્ના સ્થાનમાં અનુસ્વાર (ं) કરવાનો રહે છે. જેમ કે, अहं जलं पातुम् इच्छामि । આ વાક્યમાં તમે જોઈ શકો છો કે અહીં अहम् પદના અન્તે મ્ વર્ણ છે અને તેની પછી આવેલું પદ (जल) વ્યંજન વર્ણથી શરૂ થાય છે. તેથી આ મ્ના સ્થાનમાં અનુસ્વાર થઈને अहं એ રીતે લખવામાં આવે છે. એવી જ રીતે जलंમાં પણ અનુસ્વાર થયો છે. પરંતુ पातुम्માં જે મ્ હતો, તેનો અનુસ્વાર થયો નથી કેમકે તેની પછી જે इच्छामि પદ છે, તેનો પ્રારંભ વ્યંજનથી નહીં, પણ સ્વરથી થાય છે. (જો અહીં પણ કોઈ વ્યંજનથી શરૂ થતું પદ હોત તો અનુસ્વાર થયો હોત. જેમ કે - अहं जलं पातुं गच्छामि ।)

(2) પદ(શબ્દ)માં વચ્ચેના ભાગે આવતા અનુસ્વારની પાછળ જો કોઈ વ્યંજન (श्, ष्, स्, ह् એ ઉષ્માક્ષર અને य्, र्, ल्, व् એ અન્તઃસ્થ વર્ણો સિવાયનો) આવેલો હોય, તો એવા અનુસ્વારને પરસવર્ણ એટલે કે અનુસ્વારની પાછળ જે વર્ગનો વ્યંજન હોય, તે વર્ગનો પાંચમો (અનુનાસિક) વર્ણ (ङ्, ञ्, ण्, न् અને म्) થાય છે. જેમકે, दंडः અહીં द ઉપર જે મીંડું દેખાય છે, તે અનુસ્વાર છે. તેની તરત પછી ड વર્ણ છે, તેથી અહીં આ ड જે વર્ગનો છે, તે વર્ગ (ट् ठ् ड् ढ् ण् - ट વર્ગ)નો પાંચમો વર્ણ ण् થઈને दण्डः એમ લખાય છે.

ધ્યાન રાખો क-વર્ગ એટલે क् ख् ग् घ् ङ् , च-વર્ગ એટલે च् छ् ज् झ् ञ्, ट-વર્ગ એટલે ट् ठ् ड् ढ् ण्, त-વર્ગ એટલે त् थ् द् ध् न् અને प-વર્ગ એટલે प् फ् ब् भ् म् । આ રીતે જોતાં જે અનુસ્વારની પાછળ क् ख् ग् घ् વર્ણ આવે, તો અનુસ્વારના સ્થાનમાં ङ् થાય છે. જેમકે - अंकः > अङ्कः । पंखः > पङ्खः । गंगा > गङ्गा । संघ > सङ्घः । આવી જ રીતે અન્ય વર્ગના વર્ણની સંધિ-પ્રક્રિયા પણ સમજવી.

स्वाध्याय

1. उदाहरणानुसारं पदेषु अनुनासिकं लिखत ।

उदाहरणम् : शंभुः (प-वर्ग) शम्भुः ।

(1) पंडितः (2) अहंकारः (3) चंपा (4) भंजयितुम्

2. निम्नलिखितानि वाक्यानि अनुस्वारप्रयोगपूर्वकं पुनः लिखत ।

(1) प्रतीक्षाम् कर्तुम् अर्हसि त्वम् ।

(2) पूर्वम् अत्र अष्टादशविद्यायाः पठनम् पाठनम् च भवति स्म ।

(3) अहम् त्वाम् कस्यचित् गुप्तचरम् मन्ये ।

(4) सत्यम् तपो ज्ञानम् अहिंसताम् च विद्वत्प्रणामम् च सुशीलताम् च ।

3. उदाहरणानुसारं वाक्येषु अनुनासिकं परसवर्णत्वेन परिवर्त्य लिखत ।

उदाहरणम् : फलं खादामि । — फलङ् खादामि ।

(1) भद्रमिदं न पश्यामि ।

(2) अश्रद्धेयं प्रियं प्राप्तं सौभद्रः ग्रहणं गतः ।

(3) स्वकीयं प्रयोजनं च संपादयति ।

(4) अहं द्वितीयं बिलं यास्यामि इति ।